શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ વિશિષ્ટ ભાષ્યકાર હતા. ભાષ્યકારોમાં તેમનું સ્થાન અત્યંત મહત્ત્વપૂર્ણ છે. પછીના આચાર્યોએ અનેક વિશેષણો આપી તેમને ઉચ્ચ કોટિના ભાષ્યકાર રૂપે સ્મર્યા છે. આચાર્યશ્રી જિનભદ્રગણિના નવ ગ્રંથો મળે છે: ૧. વિશેષાવશ્યક ભાષ્ય, ૨. વિશેષાવશ્યક ભાષ્ય–ટીકા, (અપૂર્ણ), ૩. બૃહત્સંગ્રહણી, ૪. બૃહત્ક્ષેત્રસમાસ, ૫. સભાષ્ય વિશેષણવતી, ૬, નિશીથભાષ્ય, ૭. જીતકલ્પ ભાષ્ય, ૮. અનુયોગદ્વારચૂર્ણિ, ૯. ધ્યાનશતક. આ ગ્રંથોમાં અનુયોગદ્વારચૂર્ણિ ગદ્યાત્મક છે. બાકીની રચનાઓ પદ્યાત્મક છે. વિશેષાવશ્યક ભાષ્ય સ્વોપજ્ઞવૃત્તિ સંસ્કૃતમાં છે. બાકીની રચનાઓ પ્રાકૃતમાં છે. વિશેષાવશ્યક ભાષ્ય આચાર્ય જિનભદ્રગણિની પ્રાકૃત રચના છે. તેમણે તેના પર સંસ્કૃત ટીકા રચવાનો પ્રારંભ કર્યો હતો. છઠ્ઠા ગણધરના વક્તવ્યની ટીકા રચ્યા બાદ શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણનો સ્વર્ગવાસ થઈ ગયો. આથી શ્રી કોટયાચાર્યે બાકીની ટીકા ૧૩૭૦૦ શ્લોકપ્રમાણ રચી તે ટીકા પૂર્ણ કરી.

આચાર્યશ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણનો વીરનિર્વાણ સં. ૧૦૧૧ માં જન્મ, સં. ૧૦૨૫માં યુગપ્રધાનપદ અને સં. ૧૧૧૫ માં, ૧૦૪ વર્ષની વયે સ્વર્ગવાસ થયો હતો.

### વ્યાપક મહિમાવંતા 'ભક્તામર સ્તોત્ર' તેમ જ 'નમિઊણ સ્તોત્ર'ના કર્તા તથા મંત્રયુક્ત સ્તોત્રોની રચના દ્વારા શ્રી જિનશાસનની વિશિષ્ટ પ્રભાવના અને શ્રીસંઘની રક્ષા કરનારા

## આચાર્યશ્રી માનતુંગસૂરીશ્વરજી મહારાજ

સ્તોત્રકાવ્યોમાં 'ભક્તામર સ્તોત્ર'ની રચના ઉત્તમ છે, ભક્તિરસથી ભરપૂર ઝરણું છે. આ સ્તોત્રના રચયિતા આચાર્યશ્રી માનતુંગસૂરિ છે.

આચાર્યશ્રી માનતુંગસૂરિએ શ્વેતાંબર મુનિદીક્ષા અને દિગંબર મુનિદીક્ષા એમ બંને પ્રકારની દીક્ષા ગ્રહણ કરી હતી. પ્રભાવકચરિત્ર પ્રમાણે શ્વેતાંબર પરંપરામાં આચાર્ય માનતુંગસૂરિના ગુરુ શ્રી જિનસિંહસૂરિ અને દિગંબર પરંપરામાં તેમના ગુરુ ચારુકીર્તિ હતા.

આચાર્ય માનતુંગસૂરિનો જન્મ વારાણસીમાં થયો હતો. તેઓ બ્રહ્મક્ષત્રિય શ્રેષ્ઠી ધનદેવના પુત્ર હતા. તેમની બહેનનો સંબંધ વારાણસીનિવાસી શેઠ લક્ષ્મીધર સાથે થયો હતો. લક્ષ્મીધર શેઠ આસ્તિકજનોમાં અગ્રેસર હતા. માનતુંગના કુટુંબીજનો ધાર્મિક સંસ્કારોથી સમ્પન્ન હતા. પિતા ધનદેવ પાસેથી તેમને સારા એવા ધાર્મિક સંસ્કારો પ્રાપ્ત થયા હતા. જૈન દિગંબર મુનિઓનું પ્રવચન સાંભળી માનતુંગને સંસાર પર વૈરાગ્ય થયો. માતા-પિતાની અનુમતિ લઈ આચાર્ય ચારુકીર્તિ પાસે દિગંબર મુનિદીક્ષા ગ્રહણ કરી. દીક્ષાજીવનમાં તેમનું નામ મહાકીર્તિ રાખવામાં આવ્યું. મુનિચર્યામાં સજાગ મહાકીર્તિ એક દિવસ લક્ષ્મીધર શેઠને ઘેર ગોચરીએ ગયા. લક્ષ્મીધર શેઠની પત્ની માનતુંગની બહેન હતી. તે શ્વેતાંબર પરંપરાને માનતી હતી. તેણે મુનિ મહાકીર્તિ સમક્ષ શ્વેતાંબર મુનિચર્યાનું વર્ણન કર્યું. બહેનની પ્રેરણાથી સત્યમાર્ગની

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

અનુભૂતિ થતાં તેઓ શ્વેતાંબર આચાર્યશ્રી જિનસિંહસૂરિ પાસે ગયા. તેમના ધર્મોપદેશથી વિશેષ શ્રદ્ધાવંત બની દિગંબર ધર્મની દીક્ષાનો ત્યાગ કરી શ્વેતાંબર સાધુધર્મની દીક્ષાનો સ્વીકાર કર્યો. શ્વેતાંબર મુનિ બન્યા પછી તેમનું મૂળ નામ 'માનતુંગમુનિ' રાખવામાં આવ્યું.

ગુરુની પાસે એકાગ્રતાપૂર્વક મુનિ માનતુંગે આગમોનો અભ્યાસ કર્યો. થોડા જ સમયમાં તેઓ આગમોનો વિશિષ્ટ જ્ઞાતા બન્યા. ગુરુએ તેમને યોગ્ય સમજી આચાર્યપદે સ્થાપ્યા. ત્યારથી તેઓ માનતુંગસૂરિ તરીકે પ્રસિદ્ધ થયા. તે સમયે વારાણસીમાં રાજા હર્ષદેવનું રાજ હતું. હર્ષદેવ વિદ્વાનોનો અને કવિઓનો વિશેષ આદર કરતો હતો. વેદ-વેદાંગના પારગામી વિદ્વાન મયૂર અને બાણ નામના મહાકવિ ચમત્કારિક વિદ્યાઓને કારણે રાજા હર્ષદેવની સભામાં વિશેષ સન્માન પામ્યા હતા. પુરાતન પ્રબંધસંગ્રહ અને પ્રભાવકચરિત્ર મુજબ મયૂર શ્વસુર હતો અને બાણ જમાઈ હતો. પ્રબંધ ચિંતામણિ મુજબ કવિ મયૂર અને બાણ સાળા-બનેવી હતા. કોઈ કારણે પુત્રી અથવા બહેનને આપેલા શાપથી પિતા અથવા ભાઈ મયૂરને કોઢ થયો હતો. વસ્ત્રથી શરીર ઢાંકી કવિ મયૂર જ્યારે રાજસભામાં આવ્યો ત્યારે બાણે તેની હાંસી કરી. રાજસભામાં થયેલા અપમાનથી કવિ મયૂર દુઃખી થયો. તે ઘેર આવીને સૂર્યોપાસનામાં બેઠો. શાર્દૂલવૃત્તમાં શ્લોકોની રચના કરી બોલવા લાગ્યો. પાંચમા શ્લોકની રચના કરતી વખતે તેનો કોઢ દૂર થયો. તેણે સો કાવ્યોની સૂર્યસ્તુતિની રચના કરી. બાણકવિએ પણ ચંડીશતકની રચના કરી. ચંડીદેવીને પ્રસન્ન કરી પોતાનાં હાથ-પગ કાપી, પુનઃ યોગ્ય સ્થાને જોડી દીધાં.

રાજા હર્ષદેવનો મંત્રી જૈન હતો. તેણે રાજાને કહ્યું કે "રાજન્! આ પૃથ્વી બહુરત્ના છે. જૈનોનું પણ ચમત્કારિક વિદ્યાઓ પર આધિપત્ય છે. જૈનવિદ્વાન શ્વેતાંબરાચાર્ય શ્રી માનતુંગસૂરિ આપની નગરીમાં બિરાજમાન છે. તેઓ આપની જિજ્ઞાસા પૂર્ણ કરવા સમર્થ છે. આપ તેમને આદરપૂર્વક આમંત્રિત કરો." રાજાએ તેમને સન્માનપૂર્વક બોલાવવા આદેશ કર્યો. મંત્રીએ આચાર્યશ્રી માનતુંગસૂરિ પાસે જઈ પરિસ્થિતિ જણાવી કહ્યું કે, "કૃપા કરી આપનાં ચરણોથી રાજાના આંગણને પાવન કરો અને ચમત્કારિક વિદ્યાના પ્રયોગ બતાવો." આચાર્યશ્રી માનતુંગસૂરિ બોલ્યા કે, "સમસ્ત સાંસારિક કામનાથી મુક્ત મુનિઓને આવાં પ્રદર્શનોનું કોઈ પ્રયોજન નથી." મંત્રીએ કહ્યું કે, "હું જાણું છું કે આપ નિસ્સંગ અને નિરાસક્ત છો; પરંતુ આમાં મુખ્ય હેતુ જૈનધર્મની પ્રભાવનાનો છે.'

આચાર્યશ્રી માનતુંગસૂરિએ મંત્રીની યુક્તિસંગત પ્રાર્થનાનો સ્વીકાર કર્યો ને રાજસભામાં પધાર્યા. સર્વને ધર્મલાભ આપી, ઉચિત સ્થાને બિરાજ્યા. રાજા હર્ષદેવે આચાર્યશ્રીને કહ્યું કે, "સત્પુરુષ! આ પૃથ્વી પર બ્રાહ્મણો કેટલા પ્રભાવશાળી છે! એક બ્રાહ્મણ પંડિતે સૂર્યની આરાધના કરી શરીર પરથી કોઢ જેવો સહા રોગ મટાડયો; બીજા પંડિતે કપાઈ ગયેલાં હાથ–પગ ચંડિકાદેવીની ઉપાસના કરી, ફરી યોગ્ય સ્થાને જોડી દીધાં. તે વિદ્વાનો આપની સામે છે. આપ પણ આપની મંત્રવિદ્યાનો પ્રભાવ બતાવો." આચાર્યશ્રી માનતુંગસૂરિએ કહ્યું કે, "ભૌતિક પદાર્થોની પ્રાપ્તિથી નિઃસ્પૃહ મુનિજનોને લોકરંજન કરવાનું શું પ્રયોજન હોય?! તેઓની દરેક

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રવૃત્તિ મોક્ષની સિદ્ધિ માટે હોય છે.” આચાર્ય માનતુંગસૂરિની આ વાત સાંભળી રાજા હર્ષદેવ ગંભીર બની ગયા. તેમના આદેશથી સેવકોએ લોઢાની ૪૪ સાંકળોથી શ્રી માનતુંગસૂરિને પગથી માથા સુધી બાંધ્યા અને એક અંધારા ઘરમાં પૂરી દીધા.

આચાર્ય માનતુંગસૂરિ ચમત્કારિક વિદ્યાઓનું પ્રદર્શન કરવા ઇચ્છતા ન હતા; પરંતુ જૈનશાસનની પ્રભાવનાનો મુખ્ય ઉદ્દેશ સામે આવ્યો. તેઓ જિનેશ્વર પરમાત્માની સ્તુતિમાં લીન બની ગયા. ભક્તિરસથી ભરપૂર ૪૪ શ્લોક તેમણે રચ્યા. દરેક શ્લોક બોલતાની સાથે લોઢાની સાંકળો અને તાળાં તૂટવા લાગ્યાં. આચાર્યશ્રી માનતુંગસૂરિ લોઢાની સાંકળોથી મુક્ત બની રાજસભામાં પધાર્યા. તેમણે મધુર શબ્દોથી રાજાને ધર્મલાભ આપ્યો. આ વિસ્મયકારક ઘટના જોઈ રાજા હર્ષદેવ અત્યંત પ્રભાવિત થયા અને બોલ્યા કે, “મુનિવર્ય ! આપનો સમતાભાવ અને સમર્પણભાવ અદ્ભુત છે. હું ધન્ય છું, મારો દેશ ધન્ય છે, મારો આજનો દિવસ ધન્ય છે. આજથી હું આપનો ઉપદેશ સ્વીકારું છું. આપ મને માર્ગદર્શન આપો અને ઉત્તમ શિક્ષારૂપ સુધાપાનથી મને તૃપ્ત કરો.” આચાર્યશ્રી માનતુંગસૂરિના સદુપદેશથી રાજા હર્ષદેવે જૈનશાસનની ઉન્નતિ માટે અનેક કાર્યો કર્યાં અને પોતે જૈનધર્મનો સ્વીકાર કર્યો.

(શ્રી જૈનશાસનમાં શ્રી માનતુંગસૂરિ મહાન તેજસ્વી આચાર્ય થયા. તેમણે પોતાના શિષ્યોને અનેક પ્રકારે બોધ આપી સુયોગ્ય બનાવ્યા. ગુણાકાર નામના શિષ્યને પોતાના પદે સ્થાપી ઇંગિની અનશનપૂર્વક સ્વર્ગવાસ પ્રાપ્ત કર્યો. તેમની પ્રતિભા શ્રેષ્ઠ હતી. કાવ્યરચનાશક્તિ અનુપમ હતી. તેમના પ્રત્યેક શ્લોક કાવ્યમય છે. શ્લોકની પ્રત્યેક પંક્તિમાંથી ભક્તિરસનાં ઝરણાં વહે છે. હાલમાં તેમની બે રચનાઓ મળે છે : ૧. ભક્તામર સ્તોત્ર અને ૨. ભયહર સ્તોત્ર.)

**(૧) ભક્તામર સ્તોત્ર** : ભક્તામર શબ્દથી શરૂ થતું હોવાથી આ સ્તોત્રનું નામ ભક્તામર છે. આ સ્તોત્રની રચના વસંતતિલકા છંદમાં થઈ છે. એમાં શ્રી ઋષભદેવ પરમાત્માની સ્તુતિ છે. સ્તોત્રની પદરચનાનું પ્રત્યેક પદ અસાધારણ ભક્તિનું મૂર્ત રૂપ છે. આચાર્યશ્રી સિદ્ધસેન દિવાકરરચિત ‘કલ્યાણમંદિર સ્તોત્ર’નો પ્રભાવ એમાં સ્પષ્ટ દેખાય છે. આજે આ ‘ભક્તામર સ્તોત્ર’ વિદ્યમાન છે. હજારો સાધુ–સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓ આ સ્તોત્રનો નિરંતર પાઠ કરે છે. ભક્તિરસભરપૂર આ સ્તોત્રનો આધાર લઈ, વિશેષ તો પ્રથમ ચરણનો આધાર લઈ, કેટલાયે વિદ્વાનોએ તેના પર ટીકા રચી છે, કેટલાકે સંસ્કૃત, હિંદી અને ગુજરાતીમાં પદ્યાનુવાદ પણ કર્યા છે. **(૨) ભયહર (નમિઊણ) સ્તોત્ર :** આ સ્તોત્ર શ્રી માનતુંગસૂરિની પ્રાકૃત રચના છે. આ સ્તોત્રમાં ૨૧ પદ્ય છે. આ સ્તોત્રમાં પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિ છે. આ સ્તોત્રરચનાની સાથે એક વિશેષ પ્રસંગ જોડાયેલો છે. એક વખત શ્રી માનતુંગસૂરિ અસ્વસ્થ થઈ ગયા હતા. રોગોપશાંતિ ન થવાનું જાણી શ્રી માનતુંગસૂરિએ અનશન કરવાનો વિચાર કર્યો. શ્રી ધરણેન્દ્રનું સ્મરણ કર્યું. શ્રી ધરણેન્દ્રે પ્રગટ થઈ ૧૮ અક્ષરનો મંત્ર (**नमिऊण पास विसहर वसहजिण-फुलिंग**) તેમને આપ્યો. એ મંત્રાક્ષરોને આધારે આચાર્ય માનતુંગસૂરિએ આ ભયહર સ્તોત્રની રચના કરી. આ મંત્રના પ્રભાવથી તેઓ રોગમુક્ત થયા હતા. આ સ્તોત્ર આજે પણ વિદ્યમાન છે.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રભાવકચરિત્ર મુજબ આચાર્યશ્રી માનતુંગસૂરિને કાશીનરેશ શ્રી હર્ષદેવના સમકાલીન માનવામાં આવ્યા છે. હર્ષનો રાજ્યાભિષેક ઈ. સ. ૬૦૮ જણાવવામાં આવે છે. તેથી આચાર્ય માનતુંગસૂરિનો સમય વીરનિર્વાણની બારમી (વિક્રમની સાતમી) શતાબ્દી હોવાનો સંભવ છે.

## સુપ્રસિદ્ધ ચૂર્ણિ સાહિત્યકાર અને પ્રખર વિદ્વાન
# આચાર્ય શ્રી જિનદાસગણિ મહત્તર

શ્રી જૈન શ્વેતાંબર પરંપરામાં આગમ વ્યાખ્યાકાર શ્રી જિનદાસગણિ મહત્તરનું સ્થાન વિશિષ્ટ છે. સમસ્ત જૈનસંઘમાં તેમની પ્રસિદ્ધિ ચૂર્ણિસાહિત્યકાર રૂપે છે. શ્રી જિનદાસગણિના ગુરુનું નામ ગોપાલગણિ મહત્તર હતું. ગોપાલગણિ મહત્તર વાણિજ્યકુલ, કોટિકગણ અને વજ્રશાખાના વિદ્વાન હતા. સ્વ–પર સમયના જ્ઞાતા હતા. શ્રી જિનદાસગણિ મહત્તરના વિદ્યાગુરુ પ્રદ્યુમ્ન ક્ષમાશ્રમણ હતા. તેમને ગણિપદ પોતાના ગુરુ દ્વારા મળ્યું હતું અને મહત્તરપદ જનતા દ્વારા મળ્યું હતું.

ચૂર્ણિસાહિત્ય પ્રમાણે શ્રી જિનદાસગણિ મહત્તરના પિતાનું નામ નાગ અને માતાનું નામ ગોપા અનુમાનવામાં આવે છે. તેઓ સાત ભાઈ હતા. દેહડ, સીહ, થોર એ ત્રણ ભાઈ તેમનાથી મોટા હતા અને દેઉલ, ણુણ અને તિઉજ્જગ એ ત્રણ તેમનાથી નાના હતા. નંદીચૂર્ણિના અંતમાં શ્રી જિનદાસગણિ મહત્તરે પોતાના નામનો પરિચય આપ્યો છે. ઉત્તરાધ્યયનચૂર્ણિમાં પોતાના ગુરુનું નામ, કુળ તથા ગણ અને શાખાનો ઉલ્લેખ કર્યો છે. નિશીથચૂર્ણિના પ્રારંભમાં વિદ્યાગુરુ તરીકે પ્રદ્યુમ્ન ક્ષમાશ્રમણનો ઉલ્લેખ કર્યો છે. નિશીથચૂર્ણિના અંતમાં શ્રી જિનદાસ મહત્તરે રહસ્યમય શૈલીમાં પોતાના નામનો પરિચય આપ્યો છે, જે આ પ્રમાણે છેઃ

ति चउपण अट्ठमवग्गे ति तिग अक्खरा व तेसिं ।
पढमततिएही तिदुसरजुएहीं णामं कयं जस्स ॥

અકાર આદિ સ્વરપ્રધાન વર્ણમાળાનો એક વર્ગ માનવાથી अ વર્ગથી श વર્ગ સુધી આઠ વર્ગ બને છે. આ ક્રમથી ત્રીજા च વર્ગનો ત્રીજો અક્ષર ज, ચોથા ट વર્ગનો પાંચમો અક્ષર ण, પાંચમા त વર્ગનો ત્રીજો અક્ષર द, આઠમા વર્ગનો ત્રીજો અક્ષર स તથા પ્રથમ अ વર્ગની ત્રીજી માત્રા इ, બીજી માત્રા आ અને ज ને द સાથે જોડવાથી જે નામ બને છે તે નામને ધારણ કરનાર વ્યક્તિએ આ ચૂર્ણિનું નિર્માણ કર્યું છે. આ નામ **जिनदास** બને છે. પોતાના નામના પરિચય માટે આવા પ્રકારની શૈલી સાહિત્યક્ષેત્રમાં બહુ અલ્પ જોવા મળે છે.

(સાહિત્યક્ષેત્રમાં શ્રી જિનદાસગણિ મહત્તરની પ્રસિદ્ધિ ચૂર્ણિકાર રૂપે છે. વ્યાખ્યાસાહિત્યમાં ચૂર્ણિસાહિત્ય અત્યંત સમૃદ્ધ છે. ચૂર્ણિઓ ગદ્યમય હોય છે. તેની ભાષા સંસ્કૃતમિશ્રિત પ્રાકૃત હોય છે. ભાષ્ય અને નિર્યુક્તિ કરતાં ચૂર્ણિસાહિત્ય વધારે વિસ્તૃત છે. ગદ્યરૂપે

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org